ક્રમાંક:-મઉમશબ/સંશોધન/2024/3954-89
ગુજરાતમાધ્યમિકઅને
ઉચ્ચતરમાધ્યમિકશિક્ષણબોર્ડ,
સેક્ટર-10 બી, જૂનાસચિવાલયપાસે,
ગાંધીનગરતા.19/12/2024

પ્રતિ,
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાતરાજ્ય.

વિષય:- માન. વડાપ્રધાનશ્રીના “પરીક્ષા પે ચર્ચા-2025” કાર્યક્રમ બાબત
સંદર્ભ : શિક્ષા મંત્રાલય,ભારત સરકારનો તા.14/12/2024 નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, શિક્ષા મંત્રાલય, ભારત સરકાર દ્વારા માનનીય વડાપ્રધાનશ્રીના અનોખા ઇન્ટરેક્ટિવ કાર્યક્રમ, “પરીક્ષા પે ચર્ચા”ની 8મી આવૃત્તિ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓ માટે જાન્યુઆરી-2025માં ટાઉન-હોલ, તાલકટોરા સ્ટેડિયમ, ન્યુ દિલ્હી ખાતે યોજાનાર છે.ઉક્ત કાર્યક્રમમાં ધોરણ-6 થી 12માં અભ્યાસ કરતા બાળકો, શિક્ષકો અને માતા-પિતા માટે તા.14/12/2024 થી તા.14/01/2025 દરમ્યાન **https://innovateindia1.mygov.in/** પર ઓનલાઈન Multiple Choice Question(MCQ) સ્પર્ધા આયોજિત કરેલ છે. સ્પર્ધામાં સહભાગીઓ તેમના પ્રશ્ન પૂછી શકે છે. જે ઇન્ટરેક્ટિવ કાર્યક્રમમાં સમાવેશ થઇ શકે છે. તમામ સહભાગીઓને નિયામક, NCERT દ્વારા સહી કરેલ પ્રમાણપત્ર આપવામાં આવશે તેમ જણાવેલ છે.

આ સ્પર્ધા દ્વારા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને તેમના પ્રશ્નો માનનીય વડાપ્રધાનશ્રીને સંબોધવા માટે આમંત્રિત કરેલ છે.NCERT દ્વારા શોર્ટલીસ્ટ કરેલ પસંદગીના પ્રશ્નો કાર્યક્રમમાં સામેલ થઇ શકે છે. જે સહભાગીઓએ “પરીક્ષા પે ચર્ચા”ની અગાઉની આવૃત્તિમાં પ્રશ્નો પૂછ્યા હતા, તેઓને મીડિયા ચેનલો દ્વારા તેમના કાર્યક્રમોમાં હાજર રહેવા આમંત્રણ આપવામાં આવેલ છે. તે મુજબ આ વર્ષે પસંદ કરાયેલ કેટલાક લોકોને મીડિયા સાથે વાર્તાલાપ કરવાની તક મળી શકે તેમ જણાવેલ છે.

આ કાર્યક્રમના સંદર્ભમાં નીચે પ્રમાણે આયોજન કરવા જણાવવામાં આવે છે.

a) આપની કક્ષાએથી તમામ શાળાઓને તથા શાળાઓ દ્વારા તમામ વાલીઓ અને વિદ્યાર્થીઓને આ અંગે જરૂરી જાણકારી આપવી.
b) આ કાર્યક્રમના પ્રસાર માટે શાળાઓએ પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ્સ અને #PPC2025 ટેગનો ઉપયોગ કરવો. આ ઉપરાંત વિદ્યાર્થીઓ તથા શાળા પોતાના પોસ્ટર/ ક્રિએટીવ વિડિયો વગેરે બનાવી શકે છે અને તે મુજબ પોસ્ટ કરી શકે છે. આમાંથી પસંદ કરેલા ક્રિએટિવ વિડિયોઝને MyGov પ્લેટફોર્મ પર પણ પ્રદર્શિત કરવામાં આવશે.
c) આપના જિલ્લાની ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે તેમજ અન્ય તમામ બોર્ડ સાથે સંલગ્ન શાળાઓના ધોરણ-6 થી 12ના વિદ્યાર્થીઓ ઓનલાઇન MCQ સ્પર્ધામાં **https://innovateindia1.mygov.in/** પર તા.14/12/2024 થી 14/01/2025 દરમિયાન આયોજિત કાર્યક્રમ માટે પસંદગીની તક મેળવી શકે તે માટે મહત્તમ વિદ્યાર્થીઓ ભાગ લઇ શકે તે માટે શાળાઓ દ્વારા જરૂરી કાર્યવાહી કરવી.

ઉક્ત વિગતે આપના જિલ્લાની તમામ બોર્ડની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને આ કાર્યક્રમમાં મહત્તમ સંખ્યામાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા તેમજ બહોળા પ્રમાણમાં પ્રચાર પ્રસાર કરવા માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

બિડાણ: સંદર્ભદર્શિત પત્ર

સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- માન.અધ્યક્ષશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.
- માન.સંયુક્ત નિયામકશ્રી,ગુ.મા.અને ઉ.મા.શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.